## નિશ્ચય-સમ્યગ્દર્શનનું મહત્વ - CA. જયેશ મોહનલાલ શેઠ (બોરીવલી)

સમ્યગ્દર્શન એ મોક્ષમાર્ગનો દરવાજો છે, અર્થાત્ નિશ્ચય સમ્યગ્દર્શન વગર મોક્ષમાર્ગમાં પ્રવેશ જ થતો નથી અને મોક્ષમાર્ગમાં પ્રવેશ વગર આવ્યાબાધ સુખનો માર્ગ પણ સાધ્ય થતો નથી અર્થાત્ મોક્ષમાર્ગમાં પ્રવેશ અને પછીના પુરૂષાર્થથી જ સિદ્ધત્વ રૂપે માર્ગ ફળ મળે છે અન્યથા નહિ. સમ્યગ્દર્શન વગર ભવકટી પણ થતી નથી કારણ કે સમ્યગ્દર્શન થયા પછી જ જીવ અર્ધપુદ્ગલ પરાવર્તન કાળથી અધિક સંસારમાં રહેતો નથી, તે અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં જરૂર સિદ્ધત્વને પામે જ છે કે જે સત્-ચિત્-આનંદસ્વરૂપ શાશ્વત છે. તેથી સમજાય છે કે આ માનવભવમાં જો કાંઈપણ કરવા જેવું હોય તો તે એક માત્ર નિશ્ચય સમ્યગ્દર્શન જ પ્રથમમાં પ્રથમ પ્રાપ્ત કરવા જેવું છે કે જેથી કરીને પોતાને મોક્ષમાર્ગમાં પ્રવેશ મળે અને પુરુષાર્થ ફોરવતાં આગળ સિદ્ધપદની પ્રાપ્તિ થાય.

પ્રથમ આપણે સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજીશું; સમ્યગ્દર્શન એટલે દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ જેમ છે તેમ સમજવું, અન્યથા નહિ અને જ્યાં સુધી કોઈપણ આત્મા પોતાનું યથાર્થ સ્વરૂપ સમજતો નથી અર્થાત્ "સ્વ"ની અનુભૂતિ કરતો નથી ત્યાં સુધી દેવ-ગુરુ-ધર્મનું યથાર્થ સ્વરૂપ પણ જાણતો નથી પરંતુ તે માત્ર દેવ-ગુરુ-ધર્મના બાહ્ય સ્વરૂપની જ શ્રદ્ધા કરે છે અને તે તેને જ સમ્યગ્દર્શન સમજે છે પરંતુ તેવી દેવ-ગુરુ-ધર્મની બાહ્ય સ્વરૂપની જ શ્રદ્ધા યથાર્થ શ્રદ્ધા નથી અને તેથી તે નિશ્ચય સમ્યગ્દર્શનનું લક્ષણ નથી કારણ કે જે એકને (આત્માને) જાણે છે તે સર્વેને (જીવ-અજીવ વગેરે નવ તત્વો અને દેવ-ગુરુ-ધર્મનું યથાર્થ સ્વરૂપને) જાણે છે અન્યથા નહિ કારણ કે અન્યથા છે તે વ્યવહાર (ઉપચાર) કથન છે અને તેથી તે સમ્યગ્દર્શન ભવના અંત માટે કાર્યકારી નથી. અર્થાત્ એક આત્માને જાણતાં જ તે જીવ સાચા દેવ તત્વનો અંશે અનુભવ કરે છે અને તેથી તે સાચા દેવને અંતરથી ઓળખે છે અને તેમ સાચા દેવને જાણતાં જ અર્થાત્ (સ્વાત્માનુભૂતિ સહિતની) શ્રદ્ધા થતાં જ તે જીવ તેવા દેવ બનવાના માર્ગે ચાલતા સાચા ગુરૂને પણ અંતરથી ઓળખે છે અને સાથે-સાથે તે જીવ તેવા દેવ બનવાનો માર્ગ બતાવતા સાચા શાસ્ત્રને પણ ઓળખે છે.

માટે પ્રથમ તો શરીરને, આત્મા ન સમજવો અને આત્માને, શરીર ન સમજવું અર્થાત્ શરીરમાં આત્માબુધ્ધિ હોવી તે મિથ્યાત્વ છે; શરીર તે પુદ્ગલ દ્રવ્યનું બનેલ છે અને આત્મા તે અલગ જ દ્રવ્ય હોવાથી પુદ્ ગલને આત્મા સમજવો અથવા આત્માને પુદ્ગલ સમજવું તે વિપરીત સમજણ છે. બીજી રીતે પુદ્ગલથી ભેદજ્ઞાન અને સ્વના અનુભવરૂપ જ ખરેખરૂં સમ્યગ્દર્શન હોય છે અને તે કર્મથી જોવામાં આવે તો કર્મોની પાંચ/સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષયને સમ્યગ્દર્શન કહેવાય છે; પરંતુ છદ્મસ્થને કર્મોનું જ્ઞાન તો થતું નથી, માટે આપણે તો પ્રથમ કસોટીથી અર્થાત્ પુદ્ગલથી ભેદજ્ઞાન અને સ્વાનુભવરૂપ (આત્માનુભૂતિરૂપ) જ સમ્યગ્દર્શન સમજવું.

શાસ્ત્રોમાં સમ્યગ્દર્શનનું મહત્વ દર્શાવતી અનેક ગાથાઓ છે, જે આપણે જોઈશું.

ઉત્તરાધ્યયન સૂત્ર- અધ્યયન ૨૮-ગાથા ૩૦ "સમ્યકત્વ વિહીન પુરુષને સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ નથી થતી અને સમ્યક્જ્ઞાન વિના ચારિત્ર ગુણ પ્રગટતો નથી. ગુણ રહિત પુરુષનો મોક્ષ-સર્વ કર્મોનો નાશ નથી થતો અને કર્મ ક્ષય કર્યા વિના સિદ્ધિપદની (મોક્ષની) પ્રાપ્તિ નથી હોતી"

ભક્ત પરિજ્ઞા પ્રકીર્ણક ગાથા ૬૧-"તીવ્ર મિથ્યાત્વ આત્માનું જેટલું અહિત અને બગાડ કરે છે એટલો બગાડ અગ્નિ, વિષ અને કાળો નાગ પણ નથી કરતા."

ભક્ત પરિજ્ઞા પ્રકીર્ણક ગાથા ૬૫-૬૬-"સમ્યગ્દર્શનથી પડેલા આત્માનું ખરેખર જ પતન સમજવું, એવા વ્યક્તિને નિર્વાણની (મોક્ષની) પ્રાપ્તિ નથી થતી. ચારિત્ર રહિત વ્યક્તિ સિદ્ધ થઈ જાય છે પરંતુ સમ્યગ્દર્શન રહિત વ્યક્તિને સિદ્ધિ (મોક્ષ) પ્રાપ્તિ સંભવ જ નથી થતી."

ધર્મસંગ્રહ- બીજો અધિકાર- શ્લોક ૨૧ ટીકા- "જે જીવોએ ફક્ત અન્તર્મુહર્તના માટે પણ સમ્યકત્વનો સ્પર્શ કરેલ છે, તે જીવોને અર્ધપુદ્ગલપરાવર્તનથી કાંઈક ઓછું જ સંસાર પરિભ્રમણ શેષ રહી જાય છે."

આવશ્યકનિર્યુક્તિ – ૧૧૭૦ "દિપક અને પ્રકાશનો જન્મ એક સાથે જ થવા છતાં તેઓમાં કારણ-કાર્ય વિભાગ માનવામાં આવે છે, દિપક કારણ છે અને પ્રકાશ કાર્ય છે. એ જ રીતે સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન એક સાથે ઉત્પન્ન થવા છતાં સમ્યક્જ્ઞાનનું કારણ સમ્યકત્વ (સમ્યગ્દર્શન) છે."

સૂયગડાંગ સૂત્ર અધ્યયન ૮-ગાથા ૨૨-૨૩- "જે વ્યક્તિ મહાન ભાગ્યશાળી અને જગતમાં પ્રશંસનીય છે, જેની વીરતાની ધાક પડેલી છે, પરંતુ તે ધર્મના રહસ્યને નથી જાણતો અને સમ્યગ્દર્શનથી રહિત છે, તો તેનુ કરેલું સર્વ પરાક્રમ, દાન, તપ આદિ અશુદ્ધ છે-કર્મ બંધનું જ કારણ છે અને જે બુદ્ધિશાળી ભાગ્યવાન સમ્યગ્દર્શનથી યુક્ત છે, તેના વ્રતાદિ સર્વ શુદ્ધ છે."

આચારાંગ સૂત્ર અધ્યયન ૪ની નિર્યુક્તિ ૨૨૦- "અર્થાત્ યમ નિયમાદિરૂપ નિવૃત્તિ કરવા છતાં, સ્વજન, ધન અને ભોગોનો ત્યાગ કરવા છતાં, પંચાગ્નિ તપ આદિ દ્વારા શારીરિક કષ્ટ સહન કરવાં છતાં પણ મિથ્યાદ્રષ્ટિ સિદ્ધિ (મોક્ષ) નથી પ્રાપ્ત કરી શકતો."

આચારાંગ સૂત્ર અધ્યયન ૪ની નિર્યુક્તિ ૨૨૧- "અર્થાત્ કર્મરૂપી સેનાને જીતવા માટે સમ્યગ્દર્શન માટે પ્રયત્ન કરવો જોઈએ કારણ કે સમ્યગ્દર્શન વગર કર્મોનો ક્ષય થઈ શકતો નથી. સમ્યકત્વી દ્વારા કરેલા તપ-જપ. જ્ઞાન અને ચારિત્ર જ સફળ થાય છે. તેથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવો જોઈએ."

આચારાંગ સૂત્ર ૧-૫-૫- "જેની શ્રદ્ધા (સમ્યગ્દર્શન) શુદ્ધ છે, જે માને છે કે- જિનેશ્વરોના વચન સત્ય જ છે, તેને સમ્યક્ અથવા અસમ્યક્ વસ્તુ (શાસ્ત્ર) પણ, સમ્યક્રૂપે જ પરિણમે છે. પરંતુ જેની શ્રદ્ધા (સમ્યગ્દર્શન) અશુદ્ધ છે, જેની વિચારણા જ અસમ્યક્ છે, અર્થાત્ જે મિથ્યાદ્રષ્ટિ છે, તેને તો સમ્યક્ અને અસમ્યક્ બન્ને પ્રકારની વસ્તુ અસમ્યક્-મિથ્યારૂપ જ પરિણમે છે."

વ્યવહારરાશિના જીવોની ૯ ગ્રેવિયક સુધીની ઉત્પત્તિ શાસ્ત્રોમાં જણાવેલ છે. નવ ગ્રેવિયકમાં ઉત્પત્તિ ઉત્તમ કોટિના દ્રવ્ય ચારિત્ર વગર નથી હોતી. આ રીતે વ્યવહારરાશિના જીવોએ ઉત્તમ કોટિનુ દ્રવ્ય ચારિત્ર તો પાળ્યું છે પરંતુ બધા જીવોને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નથી થતી, તેથી ઉત્તમ કોટિના દ્રવ્ય ચારિત્ર કરતાં પણ સમ્યગ્દર્શનનું મહત્વ અધિક છે.

દર્શન પાહુડ- "જિનેશ્વર ભગવાને પોતાના શિષ્યોને ઉપદેશ દિધો છે કે ધર્મ રૂપી કલ્પવૃક્ષનું મૂળ સમ્યગ્દર્શન જ છે. જે મુનિમાં સમ્યગ્દર્શન રૂપી મૂળ શુદ્ધ છે, તેમને જ વંદણા-નમસ્કાર કરવા જોઈએ પરંતુ જે દર્શનહિન છે-દર્શનથી ભ્રષ્ટ છે તેઓને વંદણા ન કરવી જોઈએ. ચારિત્ર ત્યારે વંદનીય હોય છે જ્યારે તે સમ્યગ્દર્શનથી યુક્ત હોય. જેમ સ્થાન ભ્રષ્ટનો નાશ થાય છે, તેમ દર્શન રહિત ચારિત્ર પણ પોદ્ગલિક ફળ દઈને નષ્ટ થાય છે."

લોકો પ્રાયઃ મિથ્યાત્વના પ્રવાહમાં જ વહેતા રહે છે, તેમાં જ ખુશ રહે છે. પરમાર્થના જાણવાવાળા-શુદ્ધ શ્રદ્ધાવંત (સમ્યગ્દર્શની) જીવો બહુજ ઓછા હોય છે. સાતાદિ ગારવના રસિયા અને વિષય કષાયમાં

આસક્ત જીવો મિથ્યાત્વના પ્રભાવથી શુદ્ધ માર્ગને નથી જાણતા. સંસારમાં શુદ્ધ માર્ગની પ્રાપ્તિ જ કઠિન છે. જીવને જેટલું પરાક્રમ મિથ્યાત્વથી મુક્તિ મેળવવા કરવું પડે છે તેટલું બીજે ક્યાંય કરવું પડતું નથી. તેથી હંમેશા મિથ્યાત્વ રસિક જીવો જ અધિક હોય છે અને પરમાર્થના જાણવાવાળા બહુજ થોડા હોય છે.

ઉત્તરાધ્યયન સૂત્ર- અધ્યયન ૯- "સમ્યગ્દર્શન રહિત અજ્ઞાની પુરુષ માસ-માસ ખમણની તપસ્યા કરે અને પારણાના દિવસે કુશના (ડાભનો તૃણ-તણખલુ) અગ્રભાગ ઉપર આવે એટલો અલ્પ આહાર કરે તો પણ તે પુરુષ તીર્થંકર દેવ દ્વારા પ્રરૂપિત ચારિત્ર ધર્મના સોલમા ભાગ જેટલો પણ નથી. અર્થાત્ તે તપ મોક્ષમાર્ગની તરફ લઈ જવા વાળું નથી પરંતુ સંસાર વૃદ્ધિનું જ કારણ બને છે."

ઉત્તરાધ્યયન સૂત્ર- અધ્યયન ૨૦-ગાથા ૪૨ "જેમ પોલી મૂઠ્ઠી અસાર છે અને જે પ્રકારે ખોટા સિક્કા અસાર છે અને જેમ કાંચનો ટુકડો વૈડુર્યમણિની જેમ પ્રકાશ કરવાવાળો હોવા છતાં જાણકાર પુરુષની પાસે નિશ્ચયથી તે અલ્પ મૂલ્યવાન જ હોય છે. તે જ પ્રકારે અનિયમિત અર્થાત્ દ્રવ્ય લિંગી સાધુ (વેષધારી સાધુ) પણ વિવેકી પુરુષોની દ્રષ્ટિમાં પ્રસંસનીય નથી હોતા."

નન્દીસૂત્ર ગાથા ૧૨- "સંઘરૂપી સુમેરૂ પર્વતની, સમ્યગ્દર્શન રૂપી ઉચ્ચકોટિના વજ્ર જેવી સુદ્રઢ અને બહુ જ ગહેરી ભૂ-પીઠિકા (આધાર-શિલા) છે, જેના ઉપર શ્રુત-ચારિત્ર રૂપી ઉત્તમ ધર્મની મેખલા સ્થિર રહેલી છે." આ ગાથામાં સૂત્રકાર ભગવંતે સમ્યગ્દર્શનને જિનધર્મરૂપી મેરૂપર્વતની આધાર-શિલા બતાવેલ છે, જેના ઉપર સમસ્ત સંઘ અને ધર્મ રહેલ છે. સમ્યગ્દર્શન રૂપી આધાર-શિલા વગર ન તો ધર્મ રહી શકે અને ન તો સંઘ રહી શકે. તાત્પર્ય એ છે કે ધર્મ અને સંઘનો આધાર જ સમ્યગ્દર્શન/સમ્યકત્વ છે.

સમ્યકત્વ કૌમુદી- "સંસારમાં એવું કોઈ રત્ન નથી જે સમ્યગ્દર્શન/સમ્યકત્વ રત્નથી વધારે મુલ્યવાન હોય, સમ્યગ્દર્શન/સમ્યકત્વ મિત્રથી વધારે સારો કોઈ મિત્ર ન હોઈ શકે, ન ભાઇ હોઈ શકે અને સમ્યગ્દર્શન/સમ્યકત્વ લાભથી વધારે સારો અન્ય કોઈ લાભ ન હોઈ શકે."

સમ્યકત્વ કૌમુદી- "જ્ઞાન અને ચારિત્રથી રહિત હોવા છતાં સમ્યગ્દર્શન પ્રશંસાને યોગ્ય છે, પરંતુ મિથ્યાત્વ વિષથી દૂષિત થયેલું જ્ઞાન અને ચારિત્ર પ્રશંસાને યોગ્ય નથી."

એક આચાર્ય ભગવંતે લખ્યું છે કે- "શુદ્ધ સમ્યકત્વ (નિશ્ચય સમ્યગ્દર્શન), અતુલ સુખનું નિધાન છે, વૈરાગ્યનું ધામ છે. સંસારના ક્ષણ-ભંગુર અને નાશવાન સુખોની અસારતા સમજવા માટે સદ્વિવેક રૂપ છે. ભવ્ય જીવોના નરક, તિર્યંચ અને મનુષ્ય સંબંધી દુ:ખોનો નાશ કરવાવાળું છે અને શુદ્ધ સમ્યકત્વની (નિશ્ચય સમ્યગ્દર્શનની) પ્રાપ્તિ જ મોક્ષ-સુખ રૂપ મહાવૃક્ષના બીજ સમાન છે."

દિગંબર આચાર્ય શ્રી શુભચંદ્રજીએ જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કે-

"સમ્યગ્દર્શન બધા રત્નોમાં મહાન રત્ન છે, સમસ્ત લોકનું ભૂષણ છે અને આત્માને મુક્તિ પ્રાપ્ત થવા સુધી કલ્યાણ મંગલ દેવા વાળો ચતુર દાતા છે."

"સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનું બીજ છે. વ્રત, મહાવ્રત અને ઉપશમ માટે જીવન સમાન છે, તપ અને સ્વાધ્યાયનું આશ્રય દાતા છે. આ રીતે જેટલા પણ શમ, દમ, વ્રત, તપ આદિ હોય છે, તે બધાને સમ્યગ્દર્શન સફળ કરવાવાળું છે."

"જ્ઞાન અને ચારિત્રના ન હોવા છતાં, એકલું સમ્યગ્દર્શન પ્રશંસનીય હોય છે. સમ્યગ્દર્શનના અભાવમાં સંયમ અને જ્ઞાન, મિથ્યાત્વ રૂપી વિષથી દૂષિત હોય છે."

"આ જગતમાં સમસ્ત દ્રવ્યોનો સમૂહ પ્રાપ્ત થવો સુલભ છે અને ધરનેન્દ્ર, નરેન્દ્ર અને સુરેન્દ્ર દ્વારા પ્રાર્થના કરવા યોગ્ય અધિપતિપણુ પણ સુલભ છે કારણ કે તેની પ્રાપ્તિ કર્મોના ઉદયથી થાય છે. ઉત્તમ

કુળ, બળ, સુભગતા સુન્દર-સ્ત્રી આદિ સર્વ પદાર્થ સુલભ છે, પરંતુ એક બોધિરત્નની (સમ્યગ્દર્શનની) પ્રાપ્તિ થવી અત્યંત દુર્લભ છે.”

“જેને નિર્મળ સમ્યગ્દર્શન છે, તે જ પુણ્યાત્મા છે અને તે જ મહાભાગ્યશાળી આત્મા, મુક્ત છે-એમ હું માનુ છું કારણ કે સમ્યગ્દર્શન જ મોક્ષનું મુખ્ય અંગ છે.”

“જે જીવ, ચારિત્ર અને જ્ઞાનને કારણે આ જગતમાં પ્રખ્યાત છે, તે પણ સમ્યગ્દર્શન વગર મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી.”

“હે ભવ્ય જીવો! તમે સમ્યગ્દર્શન રૂપી અમૃતનું પાન કરો, તે સમ્યગ્દર્શન અતુલ્ય સુખનું નિધાન (ખજાનો) છે. સર્વ પ્રકારના કલ્યાણનું કારણ છે, સંસાર સમુદ્રથી તારવા વાળું જહાજ છે. તેને ફક્ત ભવ્ય જીવ જ પ્રાપ્ત કરી શકે છે. તે પાપરૂપી વૃક્ષને કાપવા કુહાડી સમાન છે. સમ્યગ્દર્શન પવિત્ર તીર્થોમાં પ્રધાન છે અને પોતાનું વિપક્ષ એવું મિથ્યાદર્શન રૂપી શત્રુને જીતવા વાળું છે, તેથી સૌથી પહેલાં આ અમૃતને જ ગ્રહણ કરવું જોઈએ.”

“જે મનુષ્ય ત્રણ જગતના નાથ એવા જિનેન્દ્ર ભગવાન દ્વારા પ્રતિપાદિત, સમ્યકત્વ/સમ્યગ્દર્શન રૂપ અદભુત રત્નનો આદર સહિત અભ્યાસ કરે છે, તે નિન્દિત કર્મોને બળ પૂર્વક સમૂળ નષ્ટ કરીને વિલક્ષણ આનંદ પ્રદાન કરવાવાળા પરબ્રહ્મને (મોક્ષને) પ્રાપ્ત કરી લે છે.”

“અધિક શું કહીએ, જે ઉત્તમ પુરુષ ભૂતકાળમાં સિદ્ધ થયા છે તે અને જે ભવિષ્યમાં સિદ્ધ થશે, તે સમ્યકત્વના બળથી સિદ્ધ થાય છે. સમ્યકત્વના (સમ્યગ્દર્શનના) આ માહાત્મ્યને સમજવું જોઈએ.”

“એ મનુષ્ય ધન્ય છે કે જેમની પાસે મુક્તિ પ્રદાન કરવાવાળું સમ્યગ્દર્શન છે અને તે સમ્યગ્દર્શન રૂપી મહારત્નને તેઓ સ્વપ્નમાં પણ મલિન થવા નથી દેતાં. તે જ મનુષ્ય કૃતાર્થ છે અને તે જ પંડિત અને શૂરવીર છે.”

“આ જીવને સમ્યગ્દર્શન સમાન ત્રણ લોક અને ત્રણ કાળમાં કોઈ પણ કલ્યાણકારી નથી અને મિથ્યાત્વ સમાન બીજુ કોઈ પણ અકલ્યાણકારી-દુ:ખદાયક નથી.”

ઉપદેશરત્નાકર- “જો તમે મોહ-વિજય રૂપ લક્ષ્મીને પ્રાપ્ત કરીને ઉત્તમ સ્થાન સિદ્ધપુરમા (સિદ્ધાલયમા) જવા અને અક્ષય સુખનો અનુભવ કરવા ઈચ્છતા હો, તો સમ્યગ્દર્શન રૂપી શ્રેષ્ઠ રથમાં બેસો. જે સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર રૂપી બળદોથી યુક્ત ષડાવશ્યક, દાન આદિ રૂપ પથ અને નિશ્ચય અને વ્યવહાર રૂપી ચક્ર (પૈડા) વાળો છે. તે દર્શન રથ, મનુષ્યને મોક્ષપુરીમાં લઈ જઈને મહાન ઋદ્ધિના સ્વામી બનાવે છે.”

ઉપરોક્ત ઉદ્ધૃત ગાથાઓથી સ્પષ્ટ જણાય છે કે સમ્યગ્દર્શનનો મહિમા અપરંપાર છે. તેના સદ્ભાવમાં જ જૈન ધર્મની સર્વે આધ્યાત્મિક ક્રિયાઓ મોક્ષની હેતુ બની શકે છે, માટે જ કહ્યું છે કે-

“એક સમકિત પાએ બિના, તપ-જપ-ક્રિયા ફોક; જૈસા મુર્દા સિનગારના, સમજ કહે તિલોક.” અર્થાત્ સમ્યગ્દર્શન વગરની સર્વ ક્રિયા-તપ-જપ-શ્રાવકપણું-ક્ષુલ્લકપણું-સાધુપણું વગેરે મડદાને શણગારવાં જેવું નિરર્થક છે. અત્રે કહેવાનો ભાવાર્થ એ છે કે આવાં સમ્યગ્દર્શન વગરની ક્રિયા-તપ-જપ-શ્રાવકપણું-ક્ષુલ્લકપણું-સાધુપણું ભવનો અંત કરવાં કાર્યકારી નથી અર્થાત્ તે ન કરવું એમ નહિ પરંતુ તેમાં જ સંતોષાઈ ન જવું અર્થાત્ તેનાથી જ પોતાને કૃત-કૃત્ય ન સમજતાં, સર્વ પ્રયત્ન એક માત્ર નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અર્થે જ કરવાં.

મુંબઈ, ૧૭-૦૧-૨૦૧૫. **CA. જયેશ મોહનલાલ શેઠ**